પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક:જી/સીપી/વિ.શા/ ફટાકડા જાહેરનામું/ ૪૬૦૯ /૨૦૨૧ તારીખ :૨૯/૧૦/૨૦૨૧

:-જાહેરનામુ :-

ફોજદારી કાર્યનિતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ.૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ.૩૩(૧)(બી)(યુ) અન્વયે કાઢેલ હુકમ.

સંદર્ભ:- ક્રમાક:વિ.૨/ઈએસએ/૧૩૨૦૧૫/જીઓઆઈ-૧૧૨, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તા.૨૯/૧૦/૨૦૨૧.

નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા પિટીશન નં. ૭૨૮/૨૦૧૫ ના કામે તા.૨૩/૧૦/૨૦૧૮ ના રોજ તથા તા.૩૦/૧૦/૨૦૧૮ ના રોજ દીવાળીના તહેવાર તથા અન્ય તહેવારો નિમિતે ફટાકડાના ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે આપેલા દિશા નિર્દેશો ઉપરાંત દિવાળી દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ના બને અને જાહેર જનતાની સલામતિ માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે વડોદરા શહેર વિસ્તારમાં ખરીદ, વેચાણ અને ફટાકડા ફોડવા અંગે તેમજ તા.૦૯/૧૧/૨૦૨૦ ના રોજ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા ફટાકડાના વેચાણ/ ફોડવા બાબતે પ્રદુષણનું પ્રમાણ વધે નહીં તે બાબતે દિશા નિર્દેશો આપવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં વડોદરા શહેરમાં દિવાળીના તહેવારો દરમ્યાન GREEN FIRE CRACKERS નો જ ઉપયોગ કરવામાં આવે તે રીતે નિયંત્રણ મુકવુ જરૂરી જણાય છે.

:- હુકમ :-

વાસ્તે, હું ડો.શમશેર સિંઘ આઇ.પી.એસ, પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ફોજદારી કાર્યરીતી અધિનીયમ સને., ૧૯૭૩ (૧૯૭૪) ના નં.૨) ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનયમ સને ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (બી),(યુ) અન્વયે મળેલ સતાની રૂએ આથી હુકમ કરૂ છુ કે,

:- પ્રતિબંધિત કૃત્યો :-

- હાલમાં ચાલી રહેલ કોવીડ-૧૯ અનુસંધાને ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવમાં આવેલ આદેશો તથા અત્રેથી બહાર પાડેલ જાહેરનામાંઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧) ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે છે તેનાં ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે. આ સિવાયનાં તમામ પ્રકારના ફાટાકડાનાં ઉત્પાદન અને વેચાણ ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) ભારે ઘોંઘાટ વાળા ફટાકડા સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનું પ્રદૂષણ અને ઘન કચરો પેદા કરતા બાંધેલા ફટાકડા (joint firecrackers,seriescrackers or laris) પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૩) ફટાકડાનુ વેચાણ માત્ર લાઈસન્સ ધારક વેપારીઓ દ્વારા કરવાનું રહેશે. આ વેપારીઓએ નામદાર સુપ્રિમ કોર્ટ ના તા.૨૩/૧૦/૨૦૧૮ નાં આદેશ મુજબ પરવાનગી આપવામાં આવેલ ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે.

(૪) તમામ ઇ-કોમર્સ વેબસાઇટને ઓનલાઇન તમામ પ્રકારનાં ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ રહેશે.

(૫) ફટાકડા બનાવવા માટે બેરીયમનાં ઉપયોગ પર પ્રતિબંધ રહેશે..

(૬) દિવાળી તથા અન્ય તહેવારો કે જેમાં ફટાકડા ફોડવામાં આવે છે તેમાં ફટાકડા રાત્રીના ૮/૦૦ થી રાત્રી ૧૦/૦૦ કલાક સુધી જ ફોડી શકાશે. તેમજ નૂતન વર્ષનાં તહેવાર દરમિયાન ફટાકડા રાત્રે ૨૩/૫૫ કલાકથી ૦૦/૩૦ કલાક સુધી જ ફોડી શકાશે.

(૭) હાનિકારક ધ્વની પ્રદુષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા દ્વારા અધિકૃત બનાવટવાળા અને માન્ય ધ્વની સ્તર (Decible Level) વાળા જ ફટાકડા વેચી / વાપરી શકાશે. PESO દ્વારા એવા અધિકૃત/ માન્ય ફટાકડાના દરેક બોક્ષ ઉપર "PESO ની સુચના પ્રમાણેનુ" માર્કીંગ હોવુ જરૂરી છે..

(૮) હોસ્પિટલ, નર્સિંગ હોમ,આરોગ્ય કેંદ્રો, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોથી૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલેંટ ઝોન તરીકે ગણવામા આવશે.અને ત્યા કોઇ પણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહીં.

(૯) કોઇ પણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત/રાખી/વેચાણ કરી શકાશે નહીં.

(૧૦) લોકોને અગવડ ઉભી ન થાય,કોઇ પણ ભયાજનક પરિસ્થિતીનું નિર્માણ ન થાય તે માટે વડોદરા શહેરના બજારો, શેરીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલ/સી.એન.જી.પંપ/ LPG બોટલિંગ પ્લાન્ટ, એલ.પી.જી ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઇ મથકની નજીક કોઇ પણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહીં.

(૧૧) કોઇપણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાયનીઝ તુક્કલ/ આતશબાજી બલુન) નુ ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહી. તેમજ કોઇપણ સ્થળે ઉડાડી શકાશે નહી. .

:- પ્રતિબંધિત વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

:- અમલવારી :-

આ જાહેરનામાનો અમલ તારીખ:૩૦/૧૦/૨૦૨૧ના કલાક ૨૦/૦૦ થી તારીખઃ૧૩/૧૧/૨૦૨૧ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

:- શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ સને.૧૮૬૦ ની કલમ.૧૮૮ તેમજ જી.પી. એક્ટની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશ્નરેટમા ફરજ બજાવતા અધિક પોલીસ કમિશ્નરશ્રીથી પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ તથા જી.પી. એક્ટની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

**:- જાહેર વિજ્ઞપ્તિ :-**

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય, આથી એક તરફી આદેશ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, દુરદર્શન કેન્દ્રો મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પો.ઇ., મ.પો.કમિ. અને ના.પો.કમિ.તથા પોલીસ કમિશ્નરની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ.૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ:-૨૯/૧૦/૨૦૨૧ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામા આવેલ છે.

(ડો.શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર,
વડોદરા શહેર.

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ

(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

<u>નકલ રવાના</u> :-

(૧) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા

(૨) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા

(૩) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૪) રજીસ્ટ્રારશ્રી. ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.

(૫) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા

(૬). કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.

(૭) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.

(૮) પોલીસ અધિક્ષકશ્રી. રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.

(૯) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.

(૧૦) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા(ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)

(૧૧) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.

(૧૩) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

૨/- સ્થાનિક વર્તમાન પત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.